# મહેસાણા જિલ્લામાં ગ્રામીણ શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા.૧૧

મહેસાણા જિલ્લામાં ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર સતલાસણા તાલુકાથી કરાવ્યો હતો. સતલાસણા તાલુકાના જશપુરીયા, વસઈ ૦૧,૦૨ તેમજ ઈશાકપુરા ગામે ઉપસ્થિત રહી બાળકોનું નામાંકન કરી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રમ અને રોજગાર રાજય મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા રાજયનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે દિશામાં છેલ્લા ૧૩ વર્ષથી પ્રયત્ન કરી રહી છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના ફળ સ્વરૂપે ડ્રોપ આઉટ રેશિયામાં ઘટાડો થયો છે. પ્રાથમિક શાળામાં ૯૯ ટકા કરતાં વધારે બાળકોનું નામાંકન કરાય છે. ધોરણ ૧ થી ૮માં ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થયો છે. સાક્ષરતા દર ૬૯.૧૪ ટકાથી વધીને ૭૯.૩૧ ટકા થયો છે. રાજયની શાળાના વિદ્યાર્થીઓને ૧૯૬.૫૮ કરોડ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજયમાં શિક્ષકોની ઘટ પુરી કરવા ૧,૫૧,૩૨૯ વિદ્યાસહાયકોની ભરતી કરી છે. ૧૧ હજાર મુખ્ય શિક્ષકોની ભરતી કરી છે. આ ઉપરાંત ૧,૧૧,૮૦૮ નવા વર્ગખંડો અને ૨૯ હજાર શાળાઓની કમ્પાઉન્ડ વોલ બનાવી છે, રાજયમાં તકનીકી શિક્ષણ માટે કોમ્પ્યુટરની સુવિધા પુરી પડાઈ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજયના મહિલા મુખ્યંમત્રીશ્રી આનંદીબહેન પટેલ ગુજરાતના વિકાસની સતત ચિંતા કરી રહ્યા છે. મહિલા મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચુંટણીમાં ૫૦ ટકા મહિલા અનામત, પોલીસ ભરતીમાં ૩૩ ટકા અનામતની જોગવાઈ કરી છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત યોગ દ્વારા કરવામાં આવી હતી. મંત્રીશ્રી તેમજ મહાનુભાવો દ્વારા બાળકોની કીટ, કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શાળાના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ ચેક અર્પણ શાળાના આચાર્યશ્રીને કરાયો હતો.

## ખેડબ્રહ્માં રાજસ્થાન નાગરીક શરાફી મંડળીની ચૂંટણી બિનહરીફ

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્મા ખાતેની રાજસ્થાન નાગરીક શરાફી મંડળીમાં ૧૩ બોર્ડ ઓફ ડીરેકટરની ચૂંટણી માટે સામાન્ય વિભાગમાં ૧૨ ફોર્મ, મહિલા વિભાગમાં ૨ અને અનુસૂચિત જનજાતિમાં કોઈ ફોર્મ ભરાયેલ ન હતું જેમાં ફોર્મ પરત ખેંચવાના દિવસે સામાન્ય વિભાગમાથી ૨ ફોર્મ પરત ખેંચાતા ૧૨ ઉમેદવાર બિનહરીફ થતા ચૂંટણી ટળી હતી. ચૂંટણી અધિકારી યોગેશ સુથારે બિનહરીફ થયેલ ઉમોદવારોને વિજેતા જાહેર કર્યા હતા.

| | |
|---|---|
| સામાન્ય વિભાગ | રમેશભાઈ બી. વૈષ્ણવ |
| શંકરલાલ બી. શાહ | રાજમલ બી. મહેતા |
| ચંપકલાલ જે. પ્રજાપતિ | રામેશ્વરભાઈ સી. ટાંક |
| શંકરલાલ જે. માળી | તારાચંદ જે. પ્રજાપતિ |
| ગજાજી બી. માળી | મહિલા વિભાગ |
| જયંતિભાઈ પી. પટેલ | આરતીબેન આર. મહેતા |
| સુરેશભાઈ એમ. શાહ | ભાવનાબેન જે. શાહ |

## બોલુન્દ્રા સંસ્કૃત પાઠશાળાનું ૧૦૦ ટકા પરીણામ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળાનું માર્ચ-૨૦૧૫માં લેવાયેલ ધોરણ.૧૦, ધોરણ.૧૨નું ગૌરવવંતુ ૧૦૦ ટકા પરીણામ આવેલ છે.શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળા આશ્રમ અગ્નિહોત્રી ટ્રસ્ટી, આત્રેયભાઈ, આચાર્ય, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## ભિલોડા તાલુકાના રામનગર હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા,તા.૧૧

ભિલોડા તાલુકાના રામનગર ગામની દિવ્યજ્યોતિ કેળવણી મંડળ સંચાલિત શેઠ જે. એમ. તન્ના વિદ્યાલય, રામનગર ધોરણ.૧૦નુંપરીણામ ૭૧ ટકા આવેલ છે.૧. દિવ્યાબેન જે. ચાવડા ૯૭.૨૫ પી. આર. મેળવી પ્રથમ. ૨. કાજલબેન એસ. વણકર ૯૪.૧૭પી. આર. મેળવી દ્વિતીય ૩. ભાવિકકુમાર આર. વણકર ૮૯.૩૩ પી. આર. તૃતીય નંબર મેળવી રામનગર હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે. શેઠ જે. એમ. તન્ના વિદ્યાલય, રામનગર ધોરણ.૧૨નું પરીણામ ૪૫ ટકા આવેલ છે. રોનક પી.જાડેજા ૯૯.૧૨ પી. આર. પ્રથમ ક્રમ મેળવી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરેલ છે. હેતલબેન કે.પ્રણામી ૯૬.૫૫ પી. આર. દ્વિતીય, અરૂણાબેન કે. વણકર ૯૪.૭૬ પી. આર. તૃતીય નંબર પ્રાપ્ત કરી રામનગર હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે. ઉર્તીણ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય અમૃતભાઈ પટેલ, દિવ્યજ્યોતિ કેળવણી મંડળ, ટ્રસ્ટ રામનગર પ્રમુખ હિંમતભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળના સદસ્યો, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# અરવલ્લીમાં ખાણ-ખનીજ વિભાગનો સપાટો : ૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં ભૂમાફિયાઓને ઝડપી પાડવા માટે અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમે કાર્યવાહિ હાથ ધરતાં અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ વિભાગે છેલ્લા વીસ દિવસમાં રેતી અને ખનીજનું ગેરકાયદેસર વહન કરતા ટ્રકો ડમ્પરો સહિતનો રૂ. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ ઝડપી લઈ ભૂમાફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી તપાસ ઉંડાણપૂર્વક કરતા ભૂમાફિયાઓ ભુગર્ભમાં.



અરવલ્લી જિલ્લામાં ભૂમાફિયાઓ બેફામ બની રાત્રીના સમયે દરમિયાન અરવલ્લી જિલ્લાની ખાણોમાંથી અને નદીમાંથી રેતીનું ગેરકાયદેસર વહન કરી ગુજરાત રાજ્યમાં અને રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશ સુધી વેપલો કરતા હોય છે. અરવલ્લી જિલ્લામાંથી જુદા જુદા વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે રેતી અને ખનિજ વહન કરતી ટ્રકોને ઝડપી લેતા ભૂમાફિયાઓ બેબાકળા બની ગયા છે. તમજ ખનીજ ખનન કરવાના બોગસ રોયલ્ટી પાસ દ્વારા ખનીજ ખનનનું કૌભાંડ ચલાવવામાં આવી રહ્યાનું જણાતા ભૂસ્તરશાસ્ત્રીએ તે દિશામાં તપાસ હાથ ધરતાં ત્રણ કેસમાં બોગસ રોટલ્ટી પાસ મળી આવ્યા હતા જેથી બૂસ્તરશાસ્ત્રીએ બોગસ રોટલ્ટી પાસનું પગેરૂ શોધવા કવાયત હાથ ધરી છે. ખનિજ વિભાગની કડક કાર્યવાહિના પગલે ભૂમાફિયાઓમાં હડકંપ વ્યાપી ગયો છે. અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી અને માઈન્સ ઈન્સ્પેકટર આલફાન્સો ડીસોઝાઓ અલગ અલગ ટીમો બનાવી જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાંથી છેલ્લા વિસ દિવસમાં ગેરકાયદેસર રેતી અને ખનીજનું ખનન કરતા ૧૬ ટ્રકો જપ્ત કરી મુદ્દામાલ કબજે લેવાયો હતો. જેમાં ૧૬ ટ્રકોમાંથી ૩ ટ્રક ચાલકો પાસેથી બોગસ રોટલ્ટી પાસ મળી આવ્યા હતા. અરવલ્લી જિલ્લા ખાણખનીજ વિભાગે સતત ૨૦ દિવસ સુધી અલગ અલગ જગ્યાએ સઘન ચેકિંગ હાથ ધરી રેતી અને ટ્રકો સહિતનો રૂ. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો તેમજ અરવલ્લી જિલ્લા ખાણખનીજ વિભાગે રોયલ્ટી પાસ બોગસ બનાવનાર વ્યક્તિઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં દર્દીઓને જમવા માટે થાળી,વાટકી,ગ્લાસ,ચમચી સ્ટીલના ૭૫ વાસણોનો સેટ ભિલોડા, નવા ભવનાથ ગામના સેવાભાવી દાતા વસંતલાલ શંકરલાલ રાવલ ધ્વારા દાન અપાતા કોટેઝ હોસ્પિટલ ભિલોડામાં આવતા દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. આ પ્રસંગે રાજેશભાઈ નિનામા, યોગેશભાઈ બુધ્ધ, કોટેઝ હોસ્પિટલ, ભિલોડા અધિક્ષક, ડાંકટરો તેમજ સ્ટાફ પરીવાર ઉપસ્પિત રહ્યો હતો. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં આવતા દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહ(કોમર્સ)માં અભ્યાસ કરતી ભિલોડાના રાકેશભાઈ નવજીભાઈ પટેલની સુપુત્રી જાનવીબેન આર.પટેલએ ૯૯.૫૨ પી.આર. મેળવી ભિલોડા સેન્ટરમાં પ્રથમ નંબરની વિરાટ સિધ્ધી હાંસલ કરતાં ભિલોડા એન. આર. એ. વિદ્યાલય, ચૌધરી પટેલ સમાજ, ભિલોડા તાલુકાનું ગૌરવ વધારતા આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા એન. આર. એ. વિદ્યાલય વિક્રમસિંહ ટી. ચૌહાણ તેમજ સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### એસ.ટી. નિગમનો નવતર અભિગમ હવે વિદ્યાર્થીઓને શાળામાંથી મુસાફરીના પાસ મળશે

વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પોતાના ગામથી પોતાની શાળા, કોલેજોના સ્થળ સુધી એસ.ટી.માં મુસાફરી કરતા હોય છે. તેમને એસ.ટી. નિગમ દ્વારા રાહત દરના પાસ અને વિદ્યાર્થીનીઓને ફ્રી પાસ આપવામાં આવતા હોય છે. વિદ્યાર્થીઓને નવેસરથી પાસ કઢાવવાના થાય તથા પાસ રિન્યુ કરાવવાની જરૂરિયાત ઉભી થાય ત્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને બસ ડેપોમાં જવું પડતું હોય છે. જેથી તેમના સમયનો વ્યય થતો બચશે અને પાસ કઢાવવાની જે મુશ્કેલીઓ પડતી હતી તેનું નિવારણ આવે તે માટે તા. ૨૧-૫-૨૦૧૫ના રોજ એસ.ટી. વિભાગીય કચેરી પાલનપુર ખાતે જિલ્લા શિણાધિકારીશ્રી ડૉ. આર.કે. પટેલ અને વિભાગીય નિયામકશ્રી સંજય જોષીના અધ્યક્ષતામાં એસ.ટી. ડેપો મેનેજરશ્રીઓ તથા કલ્સ્ટરના આચાર્યશ્રીઓની સંયુક્ત બેઠક યોજવામાં આવી હતી. જેમાં શરૂ થતાં સત્રમાં જિલ્લાના તમામ વિદ્યાર્થીઓને રાહતદરના પાસ તેમની શાળામાંથી મળી રહે તે માટેનું આયોજન કરી, નવિન યોજના અમલમાં મુકવામાં આવનાર છે.

## પ્રાંતિજ પાસે જી.આઈ.ડી.સી.ની વરસો જૂની માંગ અંગે ધારાસભ્યની રજૂઆત

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં જી.આઈ.ડી.સી. મંજુર કરી ઔદ્યોગિક વિકાસ અને બેરોજગાર દૂર કરવા પ્રાંતિજના ધારાસભ્યએ સરકારમાં રજુઆત કરી છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કેટલાક વિસ્તારમાં માત્ર આકાશી ખેતી પર નિર્ભર છે શિક્ષણનું પ્રમાણ અને શિક્ષિત બેકારોની સંખ્યા પણ વિશેષ છે તો પ્રાંતિજ-તલોદ કેટલાય લોકો પોતાનો ઉદ્યોગ સ્થાપવા તેમજ તાલુકાની બેકારી દૂર થાય તે માટેની ખેવના રાખે છે.

છેલ્લા કેટલાય વરસોથી પ્રાંતિજ પાસે જીઆઈડીસી સ્થપાય અને નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી ઔદ્યોગિક એકમો ઉભા કરી તાલુકાનો વિકાસ તથા બેકારી બેરોજગારી દુર કરવાના એક માત્ર આશયથી જીઆઈડીસીની વરસો જુની માંગણી સંતોષવા પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા મારફતે સરકારમાં સબળ રજુઆત કરી છે. શ્રી બારૈયાએ ઔદ્યોગિક વિકાસ ઉપરાંત કેટલેક ઠેકાણે પ્રદુષણના કારણે કિસાનોનો બોર કુવામાં પાણીના સ્વાદ-કલર બદલાયા છે તેમજ ભૂગર્ભ પ્રદુષણ હવા, પ્રદુષણ કરવા ઔદ્યોગિક એકમો સામે લાલ આંખ કરવા પણ મુખ્યપ્રધાનને લેખિત રજુઆતો કરી છે.

# ખેડબ્રહ્મા-પોશીના કોંગ્રેસ દ્વારા ઈન્દિરા આવાસના હપ્તા ન ચુકવાતા આવેદન

### ઈન્દિરા આવાસના બી.પી.એલ. લાભાર્થીઓને છેલ્લા પાંચ વર્ષથી સહાયના હપ્તા ચુકવાયા નથી : ધારાસભ્ય

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકામાં છેલ્લા પાંચ વર્ષથી ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત બીપીએલ લાભાર્થીઓને મકાનના હપ્તા ન ચુકવાતાં કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલની આગેવાની હેઠળ કોંગ્રેસ કાર્યકરોએ રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગે વિગતો એવી છે ખેડબ્રહ્મા-પોશીના અને વિજયનગર તાલુકાઓમાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત હજારો બી.પી.એલ. લાભાર્થીઓએ મકાનો બનાવ્યા છે. પણ અત્યાર સુધીમાં સહાયના હપ્તા ચુકવવામાં આવ્યા નથી. આ ત્રણ તાલુકામાં આવાસની સહાયનો એક પણ હપ્તો ચુકવાયો ન હોય તેવા ઘણા લાભાર્થી છે. ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે ત્યારે અધુરા આવાસવાળા લાભાર્થીઓની ચિંતામાં વધારો થવા પામ્યો છે અને વરસાદથી આ લાભાર્થીઓને નુકશાન થવાની વકી છે. ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત જે લાભાર્થીઓએ મકાનનું કામ પૂર્ણ કરેલ છે તેવા પચાસ ટકા લાભાર્થીઓને પ્રથમ હપ્તો જ ચુકવાયો છે અને બાકીની સહાય માટે લાભાર્થીઓએ તાલુકા પંચાયતના પગથીયાં ઘસી નાખ્યા છે. છતાં તાલુકા પંચાયતના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી.

કોંગ્રેસ દ્વારા પેટ્રોલ પંપથી રેલી કાઢી પ્રાંત અધિકારીની કચેરીએ જઈ તમામ લાભાર્થીઓને સહાયના બાકી હપ્તા ચુકવવા માટે ઉગ્ર માંગણી સાથે પ્રાંત અધિકારી વી.આર. સકસેનાને આવેદનપત્ર આપ્યું હતું. આ રેલીમાં ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, જિલ્લા સદસ્ય લીલાબેન ડાભી, મંથાબેન ગમાર, શહેર કોંગ્રેસ પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી, નરેશભાઈ પટેલ, જનકસિંહ વાઘેલા, પ્રવિણસિંહ સોલંકી, હર્ષદભાઈ પટેલ તથા સાગરભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો જોડાયા હતા.

## ગલતેશ્વર અંબર્ટો સિરામિકસ ફેકટરી ખાતે પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે આવેલ પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામિકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપની ખાતે પર્યાવરણ દિવસની વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજના ગલતેશ્વર રોડ ઉપર આવેલ કપરકાબી બનાવતી ફેકટરી તથા ડાઈનીંગ ટેબલ ઉપર ઉપયોગ કરવામાં આવતી દરેક સિરામિકસની આઈટમ બનાવતી ફેકટરી દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે અંબર્ટો સિરામિકસ ફેકટરી ખાતે આયુર્વેદિક વૃક્ષારોપણ કરી ઉજવણી કરી હતી જયારે સાથે સાથે ફેકટરી બહાર આવેલ ગલતેશ્વર રોડ ઉપર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જયારે કંપની દ્વારા પર્યાવરણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે કંપનીના એસ. પેંડુમા રેડ્ડી-સી.ઈ.ઓ.ના માર્ગદર્શન નીચે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કંપનીના જનરલ મેનેજર- ધર્મેન્દ્ર જાની, મહર્ષ સમન્ના- ડી.જી.એમ., આર.કે. દાસ-એચ.આર. દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને કંપનીના સ્ટાફ તથા કામદારો પણ વૃક્ષારોપણ કાર્યક્રમ તથા સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

# રાજય મહિલા આયોગ અરવલ્લી જિલ્લાની મુલાકાતે

### મહિલાઓની સુરક્ષાને લઈ રાજ્ય સરકાર ચિંતિત છે : લીલાબેન અંકોલીયા

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાના ટાઉનહોલ ખાતે મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલીયાના અધ્યક્ષસ્થાને મહિલા કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ હતી.

શિબિરના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રીમતી લીલાબેન અંકોલીયાએ જણાવ્યું હતું કે,



રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજયમાં સૌ પ્રથમ જેન્ડર બજેટ રજુ કરી મહિલાઓને વધુ પ્રાધાન્ય આપ્યું છે. તેમણે મહિલાને આર્થિક રીતે પગભર કરી સ્વનિર્ભર બનાવી છે.

તેમણે મહિલાઓની સુરક્ષાની વાત કરતા જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા મહિલાઓ પર થતા અત્યાચાર તથા શારિરીક હિંસા અને શોષણને રોકવા માટે મહિલા આયોગની રચના કરવામાં આવી છે. તો વળી મહિલાઓના સુરક્ષા માટે જિલ્લા કક્ષાએ અભયમ વાન શરૂ કરવામાં આવી છે.

ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓ માટે રાજય સરકારે મહિલા સુરક્ષાને ધ્યાને લઈ ૧૪૧ તાલુકામાં નારી અદાલતની શરૂ કરવામાં આવી છે.જેમાં ૧૪,૦૦૦ પૈકી ૧૦,૦૦૦ સમસ્યાઓનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું છે. તેના પરથી ખ્યાલ આવે છે કે મહિલાઓની સુરક્ષાને લઈ રાજય સરકાર સતત ચિંતિત છે.

સમાજ નિર્માણ માટે પરીવર્તન જરૂરી ગણાવી દિકરીઓ તથા મહિલાઓના શિક્ષણ પર ભાર મુક્યો હતો. તેમણે સારા પરીવાર અને સારા સમાજના નિર્માણ માટે બાળકોમાં સંસ્કારને અનિવાર્યતા ગણાવ્યા હતા. ચેરમેનશ્રીએ આ કાનૂની શિબિરમાંથી યોગ્ય શિક્ષણ મેળવી સ્વાયત્ત બનવા પર ભાર મુક્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નેહાબેન પટેલે જણાવ્યું હતું કે, આજે મહિલાઓ સાચા અર્થમાં વિકાસની સહભાગી બની છે. તેમણે રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓની વાત કરતા જણાવ્યું હતું કે, મહિલાઓના આરોગ્યની સાથે શિક્ષણ અને સુરક્ષાને લઈ રાજય સરકાર અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે. તેમણે ગતિશીલ ગુજરાતની આ અવિરત વિકાસયાત્રામાં મહિલાઓને સામેલ થવા હાંકલ કરી હતી.

કાર્યક્રમમાં આયોગના સભ્ય સચિવ શૈલજાબેન મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રીમતી ચંપાબેન પરમાર, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી વિષ્ણુકુંવરબા ચૌહાણ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી ભીખીબેન પરમાર, મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ભાવનાબેન વણકર, જિલ્લા અગ્રણી નિલાબેન મોડીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુધીર પટેલ, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર સહિત મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦